ક્રમાંક:મઉમશબ/ક/ ૨૮-૩૭
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦/બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૨૩/૦૩/૨૦૨૨

<u>પરીક્ષા SSC/HSC</u>

<u>અગત્યનું</u>

પ્રતિ,
ઝોનલ અધિકારીશ્રી,
ગુજરાત રાજ્ય (તમામ),
S.S.C./H.S.C.

વિષય :- બોર્ડ દ્વારા લેવાનાર S.S.C./H.S.C. – ૨૦૨૨ ની જાહેર પરીક્ષાના સમય બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે બોર્ડ દ્વારા S.S.C./H.S.C.–૨૦૨૨ની જાહેર પરીક્ષાઓ તા.૨૮/૦૩/૨૦૨૨ થી તા.૧૨/૦૪/૨૦૨૨ દરમ્યાન લેવાનાર છે. જે માટે તેમજ બોર્ડ દ્વારા આપવામાં આવેલ ખંડ નિરીક્ષકની પુસ્તિકા તથા અન્ય પુસ્તિકાઓમાં સામાન્ય પ્રવાહ (ધોરણ-૧૨)ની પરીક્ષાનો સમય ૨-૩૦ થી ૫-૪૫ નો અને વિજ્ઞાન પ્રવાહ (ધોરણ-૧૨)ની પરીક્ષાનો સમય ૨-૩૦ થી ૬-૦૦ કલાકનો દર્શાવેલ છે. પરંતુ બોર્ડ દ્વારા વર્ષ-૨૦૨૨ની જાહેર પરીક્ષાઓ માટે નવીન પુસ્તિકાઓનું છાપકામ કરવામાં આવેલ ન હોઇ માર્ગદર્શન માટે વર્ષ-૨૦૨૧ની પુસ્તિકાઓનો જ ઉપયોગ કરવામાં આવેલ છે. આ પુસ્તિકાઓમાં ગત વર્ષની માહિતી હોઇ પરીક્ષાના સમય માટે વર્ષ-૨૦૨૨ના સમયપત્રકમાં દર્શાવ્યા મુજબ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ માટે બપોરના ૩-૦૦ કલાક થી સાંજે ૬-૩૦ કલાકનો અને સામાન્ય પ્રવાહ માટે સવારે ૧૦-૩૦ કલાક થી બપોરના ૧-૪૫ કલાક અને બપોરના ૩-૦૦ કલાકથી સાંજના ૬-૧૫ કલાક સુધીનો સમય ધ્યાને લેવા વિનંતી છે. વર્ષ-૨૦૨૨ની પરીક્ષાના કાર્યક્રમમાં આપેલ અગત્યની સૂચનાઓનો અમલ કરવાનો રહેશે. આ અંગેની જાણ આપના તાબા નીચેના પરીક્ષા સ્થળના સંચાલકોને અને ખંડ નિરીક્ષકોને તાત્કાલિક કરવાની રહેશે.

નાયબ નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

<u>નકલ રવાના :-</u>
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તરફ જાણ તથા અમલ કરાવવા સારૂ.

ક્ર. નં. માધ્ય/૨૦૨૨/૪૫૦૮

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
સુરત, જિ. સુરત
તા. ૨૩/૦૩/૨૦૨૨

પ્રતિ,

આચાર્યશ્રી

નવાગામ, મા. ઉ. મા. શાળાઓ

સુરત, જિ. સુરત.

District Education Officer
Surat. Dist. Surat.